# એચ-૪ વિઝા ઇએડી પહેલી ઓક્ટોબર સુધી સુરક્ષિત હોઈ શકે છે

**ન્યુ યોર્કઃ** ચોક્કસ એચ-૪ વિઝાધારકો માટે ધ એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ (ઈએડી) હજી સુધી સક્રિય નથી અને રદ કરવામાં આવી નથી. અથવા તો પહેલી ઓક્ટોબર, ૨૦૧૭ સુધી તે સુરક્ષિત છે તેમ કહી શકાય. એનો અર્થ એ થઈ શકે કે આગામી ૬૦ દિવસ માટે એચ-૪ વિઝાધારકોની ઈએડી સુરક્ષિત છે.

આશ્ચર્યજનક રીતે લેવાયેલાં નવાં પગલાંરૂપે, ટ્રમ્પ વહીવટી તંત્રે ત્રીજી એપ્રિલે ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયાની યુનાઈટેડ સ્ટેટ્સ ડિસ્ટ્રિક્ટ કોર્ટને જણાવ્યું હતું કે નવા નિયમો વિશે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ)ને ગંભીરતાથી વિચારણા કરવા માટે ૧૮૦ દિવસનો સમયગાળો આપવામાં આવ્યો છે.

યુએસ સરકારના વકીલોએ પણ કોર્ટને માહિતી આપી હતી કે તેઓ દર ૬૦ દિવસે કોર્ટને ડીએચએસ દ્વારા રિવ્યુ પ્રોસેસને લગતી બાબતોથી માહિતગાર કરશે. અને જો તેઓ ૧૮૦ દિવસ અગાઉ તેઓનાં પગલાં લેવાની પ્રક્રિયા નક્કી કરશે, તો તેઓ આમ કરી શકશે.

આનો અર્થ એ થઈ શકે છે કે એચ-૪ વિઝાધારકો માટેના ઈએડી ચોક્કસપણે આગામી ૬૦ દિવસ માટે સુરક્ષિત ગણાશે, પરંતુ જો ટ્રમ્પ વહીવટી તંત્ર ૬૧મા દિવસે પોતાની દરખાસ્ત રજૂ કરશે, તો ત્યાર પછી કોર્ટ (૧૮૦ દિવસના સમયગાળા અગાઉ) આ કેસનો નિર્ણય જાહેર કરશે.

સેવ જોબ્સ યુએસએ ઈચ્છે છે કે હાલના એચ-૪ વિઝાધારકોના ઈએડી રદ કરવા જોઈએ, આના કારણે ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી કોઈ પણ એચ-૪ વિઝાધારકોના ઈએડી આપવાનું બંધ કરશે, આથી અમેરિકી કામદારોની રોજગારીની તકોને અસર થશે. કાયદા મુજબ, ફક્ત એચ-વનબી વિઝાધારકોને અમેરિકામાં કાયદેસર કામ કરવાની મંજૂરી આપવામાં આવી છે, એચ-૪ વિઝા પર આવેલા તેઓના આશ્રિતોને નહિ.

એચ-૪ વિઝાધારકો માટે વર્ષોના સંઘર્ષ અને વકીલો અને એડવોકેસી ગ્રુપો દ્વારા હજારો પિટિશનો કરવામાં આવ્યા પછી, ઓબામા વહીવટી તંત્રે નરમ થઈને ૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ નિયમ ઘડ્યો હતો કે ચોક્કસ એચ-૪ વિઝાધારકો ઈએડી માટે માન્ય ગણાશે.

આ વર્ષે આ બીજી વાર યુએસ સરકાર દ્વારા કેસમાં વધુ સમય માટે માગણી કરવામાં આવી છે. બે માસ અગાઉ ફેબ્રુઆરીમાં, તેઓએ સેવ જોબ્સ યુએસએ દ્વારા દાખલ કરાયેલા કેસ માટે તૈયારી કરવા ૬૦ દિવસના સમયની માગણી કરી હતી.

એચ-૪ વિઝાધારકો હાલપૂરતો રાહતનો શ્વાસ લઈ શકે છે. *(સૌજન્યઃ 'ન્યુઝ ઈન્ડિયા ટાઈમ્સ')*

# એચ-વનબી વિઝાનો 'દુરુપયોગ' સાંખી લેવાશે નહિઃ યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટ

**ન્યુ યોર્કઃ** ૨૦૧૭ માટે ત્રીજી એપ્રિલથી એચ-વનબી વિઝા ફાઈલિંગ વિન્ડો શરૂ થઈ હતી. ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી સાતમી એપ્રિલ સુધી અરજીઓ સ્વીકારવાનું ચાલુ રાખશે, પરંતુ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે સ્કિલ્ડ ફોરેન લેબર માટે અરજી કરતી કંપનીઓને ચેતવણી આપી છે કે અમેરિકન કામદારોને નુકસાન થાય તે માટે એચ-વનબી વિઝાનો દુરુપયોગ ન કરશો. સિવિલ રાઈટ્સ ડિવિઝનના કાર્યકારી આસિસ્ટન્ટ એટર્ની જનરલ ટોમ વ્હીલરે એક નિવેદનમાં કહ્યું હતું કે જસ્ટિસ ડિપાર્ટમેન્ટ યુએસ કામદારો વિરુદ્ધ ભેદભાવ રાખતી એચ-વનબી વિઝા પ્રક્રિયાનો દુરુપયોગ કરતા રોજગારદાતાઓને સાંખી લેશે નહિ. યુએસ કામદારોની બદનામી થાય તેવી પરિસ્થિતિમાં મૂકવા ન જોઈએ. ડિપાર્ટમેન્ટ આ બાબતે તપાસ ચાલુ રાખવા પ્રતિબદ્ધ છે.

ભૂતપૂર્વ સેનેટર જેફ સેશન્સના નિર્દેશન હેઠળ, જસ્ટિસ ડિપાર્ટમેન્ટ મોટી અને નાની કંપનીઓની તપાસ કરશે, જેમની સામે એચ-વનબી વિઝા સિસ્ટમનો દુરુપયોગ કરવાની ફરિયાદો નોંધાયેલી છે. સેશન્સ કાયદેસર અને ગેરકાયદે ઈમિગ્રેશનના મોટી આલોચક છે.

યુએસ ઓરેગન ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ માઈકલ સિમોને મુકદ્દમો રજૂ કર્યો હતો, જે એચ-વનબી વિઝા લોટરી સિસ્ટમને પડકારતો હતો અને તેમાં જણાવ્યા મુજબ સરકારની રેન્ડમ વિઝા વહેંચણી પદ્ધતિ કાયદાનો ભંગ કરતી નથી. કેટલીક ટોચની ભારતીય આઈટી કંપનીઓએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તેઓ સ્થાનિક સ્તરે વધુ કામદારોને નોકરીએ રાખશે અને અમેરિકામાં કોન્ટ્રાક્ટ વર્ક માટે એલ-૧ વિઝા અને એચ-વનબી વિઝા પર ભારતમાંથી કામદારોને મોકલવાની કામગીરી ધીમે ધીમે ઓછી કરશે.

*(સૌજન્યઃ 'ન્યુઝ ઈન્ડિયા ટાઈમ્સ')*